૯

નિયામકશ્રી, સમાજ સુરક્ષા હસ્તકની કાયદા સલાહકારની નવી મંજૂર થયેલ ૦૧ (એક) હંગામી જગ્યાની મુદત વધારવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,
ઠરાવ ક્રમાંક: મકમ/૧૦૨૦૧૫/૮૩૩૬૭૩/ન.બા.૫/છ
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૦૫/૦૫/૨૦૧૮

<u>વંચાણે લીધાઃ</u>

(૧) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના તા.૧૭/૦૫/૨૦૧૬ના ઠરાવ ક્રમાંક; મકમ/૧૦૨૦૧૫/૮૩૩૬૭૩/ન.બા.૫/છ

(૨) નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ગાંધીનગરનો તા.૨૬/૦૪/૨૦૧૮નો પત્ર ક્રમાંક:મકમ/કા.સ/મુદત વધારો/૧૮-૧૯/૨૩૦૭

<u>પ્રસ્તાવના:</u>

આમુખમા દર્શાવેલ ક્રમ-૧ પરના આ વિભાગના તા.૧૭/૫/૨૦૧૬ના ઠરાવથી નિયામકશ્રી, સમાજ સુરક્ષાની કચેરી, ગાંધીનગર માટે કાયદા સલાહકારની ૧(એક) નવી જગ્યા ૧૧ માસના કરાર આધારિત ફિક્સ પગારના ધોરણે ભરવા ઉભી કરવામા આવેલ છે.

નિયામકશ્રી, સમાજ સુરક્ષા કચેરી ગાંધીનગરના વંચાણે લીધેલ ક્રમ-૨ પરના તા. ૨૬/૦૪/૨૦૧૮ના પત્રથી કરવામા આવેલ દરખાસ્ત અનુસાર નિયામકશ્રી સમાજ સુરક્ષા કચેરી, ગાંધીનગર ખાતેની કાયદા સલાહકારની ઉક્ત ૧(એક) જગ્યા હાલમાં ભરાયેલ હોઇ તેમજ આ જગ્યાની વહીવટી જરૂરિયાતને લક્ષ્યમા લેતા, કાયદા સલાહકારની ઉક્ત ૧(એક) જગ્યા તા.૨૮/૦૨/૨૦૧૯ સુધી ચાલુ રાખવી અત્યંત જરૂરી છે.

<u>ઠરાવઃ</u>

પુખ્ત વિચારણાને અંતે નિયામકશ્રી, સમાજ સુરક્ષા હસ્તકની નવી ઉભી કરેલ કાયદા સલાહકારની સદરહુ ૧(એક) જગ્યાને આ વિભાગના તા.૧૭/૦૫/૨૦૧૬ના ઠરાવથી નક્કી કરવામા આવેલ શરતો

અનુસાર તા.૧૭/૦૫/૨૦૧૬થી તા.૨૮/૨/૨૦૧૯ સુધી ચાલુ રાખવાની આથી મંજૂરી આપવામાં આવે છે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં સલાહકારશ્રીની તા.૦૪/૦૫/૨૦૧૮ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામા આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જી.બી.વણઝારા)
સેકશન અધિકારી,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ.

પ્રતિ,

- માન. મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, બ્લોક નં.૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી (સા.ન્યા.), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટટ જનરલશ્રી, ગુજરાત, અમદાવાદ /રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સા.ન્યાય અધિ.વિભાગ (વિભાગની વેબ-સાઇટ પર મૂકવાની વિનંતી સહ)
- સિલેકટ ફાઈલ /નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઈલ.